અપીલ અરજી નં.૬૮૦ તા.૧૨–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા :– ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(મ.શ.વિ.)
વીજીલન્સ એન્ડ.ઈન્સ્પે. ઓફિસર અને ત. જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૩–૧–૧૨ની અરજીથી વીજીલન્સ વિભાગમાંથી આવેલ પત્રો તથા તેની સામે આપના વિભાગે કરેલ કામગીરી તથા ત્યાં મોકલેલ પત્રોની નકલો બાબત મુદ્દા નં. (૧)ટી.પી. સ્કીમ નં.૧૧ (અડાજણ) ફા.પ્લોટ નં. ૩૫, ૩૬ માં આવેલ રતનપાર્ક, દુકાન નં.૧૧ની આગળના માર્જીનવાળા ભાગમાં બાંધવામાં આવેલ પાકા શેડ બાબત વીજીલન્સ વિભાગમાંથી આપના વિભાગમાં જે જે પત્રો આવ્યા હોય તે તમામ પત્રોની નકલો તથા તે પત્રો સામે આપના વિભાગે કોઈ કાર્યવાહી કરી હોય અથવા જે પત્રો વીજીલન્સ વિભાગમાં મોકલ્યા હોય તે તમામ પત્રોની નકલો તથા કાર્યવાહીની વિગતો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૦/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૩–૧–૧૨ની અરજીથી વીજીલન્સ વિભાગમાંથી આવેલ પત્રો તથા તેની સામે આપના વિભાગે કરેલ કામગીરી તથા ત્યાં મોકલેલ પત્રોની નકલો બાબત મુદ્દા નં. (૧)ટી.પી. સ્કીમ નં.૧૧ (અડાજણ) ફા.પ્લોટ નં. ૩૫, ૩૬ માં આવેલ રતનપાર્ક, દુકાન નં.૧૧ની આગળના માર્જીનવાળા ભાગમાં બાંધવામાં આવેલ પાકા શેડ બાબત વીજીલન્સ વિભાગમાંથી આપના વિભાગમાં જે જે પત્રો આવ્યા હોય તે તમામ પત્રોની નકલો તથા તે પત્રો સામે આપના વિભાગે કોઈ કાર્યવાહી કરી હોય અથવા જે પત્રો વીજીલન્સ વિભાગમાં મોકલ્યા હોય તે તમામ પત્રોની નકલો તથા કાર્યવાહીની વિગતો આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા વિશેષતઃ બન્ને મુદ્દા અંગે મધ્યસ્થ શહેર વિકાસ અને વીજીલન્સ વિભાગ વચ્ચે થયેલ પત્ર–વ્યવહારની વિગતો સહ હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૩૦ તા. ૧૯–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ એન્ડ. ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસ તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ એન્ડ. ઈન્સ્પે. ઓફિસર તરફથી પત્ર નં. વી.આઈ.ડી./૨૫૦૭ તા. ૨૬–૩–૧૨થી પૂરક વિગતોમાં રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં./૧૦૧૯ તા. ૩૦–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ વીજીલન્સ એન્ડ.ઈન્સ્પે. ઓફિસરશ્રી વીજીલન્સ વિભાગ અને ટાઉન પ્લાનરશ્રી મ.શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, નિયત સમય અવધિમાં અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. વી.આ.ડી./૨૨૫૦ તા. ૧૮–૨–૧૨ની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ,નોંધ વિભાગ, વીજીલન્સ એન્ડ.ઈન્સ્પે. ઓફિસર તરફથી રાંદેરઝોનને પાઠવેલ પત્ર નં. વી.આઈ.ડી./૧૫૮૦ તા. ૧૬–૧૧–૧૧ની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી રાંદેરઝોનને પાઠવેલ પત્ર નં. વી.આઈ.ડી./૧૫૮૦ તા. ૧૦–૧–૧૨ની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી ટાઉન પ્લાનરશ્રી શહેર વિકાસ ખાતાને પાઠવેલ પત્ર નં. વી.આઈ.ડી./૧૯૧૦ તા. ૧૧–૧–૧૨ની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. વી.આઈ.ડી./૨૩૨૨ તા. ૧–૩–૧૨ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસ તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./૪ તા. ૯–૪–૧૨થી પૂરક વિગતોમાં વીજીલન્સ એન્ડ.ઈન્સ્પે. ઓફિસરશ્રી વીજીલન્સ વિભાગ અને ટાઉન પ્લાનરશ્રી મ.શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ,નોંધ વિભાગ, નિયત સમય અવધિમાં અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. ટી.ડી.ઓ./૫૫૯ તા. ૨૧–૨–૧૨ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૩–૧–૧૨ની અરજીથી વીજીલન્સ વિભાગમાંથી આવેલ પત્રો તથા તેની સામે આપના વિભાગે કરેલ કામગીરી તથા ત્યાં મોકલેલ પત્રોની નકલો બાબત. જેના મુદ્દા નં. (૧)ટી.પી. સ્કીમ નં.૧૧ (અડાજણ) ફા.પ્લોટ

નં. ૩૫, ૩૬ માં આવેલ રતનપાર્ક, દુકાન નં.૧૧ની આગળના માર્જીનવાળા ભાગમાં બાંધવામાં આવેલ પાકા શેડ બાબત વીજીલન્સ વિભાગમાંથી આપના વિભાગમાં જે જે પત્રો આવ્યા હોય તે તમામ પત્રોની નકલો તથા તે પત્રો સામે આપના વિભાગે કોઈ કાર્યવાહી કરી હોય અથવા જે પત્રો વીજીલન્સ વિભાગમાં મોકલ્યા હોય તે તમામ પત્રોની નકલો તથા કાર્યવાઢ હીની વિગતો આપશો. તેવી માહિતી માહિતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૧૯ તા. ૩૦–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ વીજીલન્સ એન્ડ.ઈન્સ્પે. ઓફિસરશ્રી વીજીલન્સ વિભાગ અને ટાઉન પ્લાનરશ્રી મ.શહેર વિકાસ ખાતાને તબદીલ કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળતા અરજદારે તા. ૧૨–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં. વી.આઈ.ડી./૨૨૫૦ તા. ૧૮–૨–૧૨ થી નિયત સમય અવધિમાં " આરટીઆઈ એકટ હેઠળ ટી.પી. સ્કીમ નં. ૧૧(અડાજણ),ફા.પ્લોટ નં. ૩૫–૩૬ માં આવેલ રતનપાર્ક, દુકાન નં. ૧૧ માં શેડ બાબતે માંગેલ માહિતી અંગે આરટીઆઈ એકટ મુજબ નકલ ચાર્જ ૧ પાનાના રૂા. ૨/– લેખે કુલ ૪ પાનાના રૂા. ૮/– ( અંકે રૂપિયા આઠ પુરા) સીટી સીવીક સેન્ટર ખાતે ભરી જેની રસીદ વીજીલન્સ ખાતામાં રજૂ કર્યથી માંગ્યા મુજબની માહિતી આપવામાં આવશે." તેવું જણાવેલ. જેના સંદર્ભે પત્ર નં. વી.આઈ.ડી./૨૩૨૨ તા. ૧–૩–૧૨ થી " આરટીઆઈ હેઠળ માંગેલ તા. ૨૩–૧–૧૨ની અરજી અંગેની નકલોનો ચાર્જ રસીદ નં. ૧૭૦૮૫૬ થી રૂા. ૮/– પુરા ભરેલ, જે અંગેની નકલો કુલ પાના ૪ આ સાથે સામેલ છે." તેવું જણાવતાં પત્ર ઉપર અરજદારે તે જ તારીખે માહિતી મળ્યાનું રીસીવ કરેલ છે. જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસ તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./૫૫૯ તા. ૨૧–૨–૧૨થી નિયત સમય અવધિમાં " ટી.પી.સ્કીમ નં.૧૧(અડાજણ), ફા.પ્લોટ નં. ૩૫–૩૬ વાળી રતનપાર્ક નામે ઓળખાતી મિલ્કતમાં વીજીલન્સ વિભાગ દ્વારા પત્ર વ્યવહાર થયેલ છે તે તમામ કાગળોની નકલ ફી પેટે રૂા. ૮/– ભરપાઈ કર્યેથી આપી શકાશે." તેવું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં પત્ર નં. ટી.ડી.ઓ./૪ તા. ૯–૪–૧૨થી અરજદારે આજદિન સુધી નકલ મેળવવા નકલ ફી પેટે જરૂરી ચાર્જ ભરપાઈ કરેલ નથી. તેવું જણાવેલ. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નાણાં ભરપાઈ કરી માહિતી મેળવી શકે છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૨–૩–૧૨ ધ્યાને લેતાં ૧૦–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસ વિભાગ દ્વારા નાણાં ભરી માહિતી મેળવવા સમયમાં અવધિમાં જણાવેલ હોઈ, અરજદાર જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસના પત્ર નં. ટી.ડી.ઓ./૫૫૯ તા. ૨૧–૨–૧૨ના પ્રસ્તાવ અનુસાર નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ તરફથી કરેલ પ્રસ્તાવ અનુસાર અરજદારે નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ હોય તે અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી. "

(સી.વાય.ભટ્ટ)
ડે.કમિશ્નર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–મ.શહેર વિકાસ, વીજીલન્સ એન્ડ.ઈન્સ્પે. ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વીજીલન્સ વિભાગ.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,